ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# નવી સિવિલ હોસ્પિ.માં કેપી ગ્રુપના ડો. ફારૂક પટેલે 3 ઈલે. ગોલ્ફ કાર્ટ દાનમાં આપી

સુરત: રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં કામ કરતા કેપી ગ્રુપના ચેરમેન -એમડી ડો. ફારુક પટેલએ તેમના ટ્રસ્ટ કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનના માધ્યમથી હજારો દર્દીઓને નવી સિવિલમાં એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે ત્રણ ઈલેક્ટ્રિક ગોલ્ફ કાર્ટ (કાર) ભેટમાં આપી માનવતાનું ઉદાહરણ પુરું પાડ્યું છે. આ કાર સિવિલ સુપરિન્ટેન્ડેન્ટ ડો. પારુલ વડગામા અને પારિવારિક સંઘના પ્રમુખ ઈકબાલ કડીવાળાએ સ્વીકારી હતી.



# રાજકોટ મિરર





# સુરત સિવિલ હોસ્પિ.માં દર્દીઓની સુવિધા માટે કે.પી.ગ્રુપે વધુ ત્રણ ઈલેકટ્રીક કારની ભેટ આપી

**સુરત, તા.૨૮**

રાજ્યના આરોગ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાની નવી સિવિલ હોસ્પિટલની આકસ્મિક મુલાકાત બાદ દર્દીઓની સુવિધામાં મોટો વધારો થયો છે. સિવિલ કેમ્પસમાં કોવિડ બિલ્ડિંગ અને કિડની બિલ્ડિંગ વચ્ચે અંદાજિત એક કિલોમીટર જેટલા લાંબા અંતરને કારણે હજારો દર્દીઓ, તેમના સગાંઓ, તબીબો અને સ્ટાફગણને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. આ સમસ્યાના કાયમી નિવારણ માટે નર્સિંગ એસોસિએશનના અગ્રણી ઈકબાલ કડીવાલાએ સુરતના ઉદ્યોગપતિ કે.પી. ગ્રુપના ફારુક પટેલ સાથે સંકલન કરીને દર્દીઓ-સ્ટાફ માટે નવી ૩ ગોલ્ફકાર અર્પણ કરીને દર્દીનારાયણની સેવામાં સમર્પિત કરવામાં આવી હતી.

આ અગાઉ કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર. પાટીલના જન્મદિવસે પણ બે ગોલ્ફ ગાડીઓ નવી સિવિલને અર્પણ કરવામાં આવી હતી, જેમાં હવે વધુ ત્રણ ગાડીઓનો ઉમેરો થયો છે. કે.પી. ગ્રુપના ફારૂક પટેલ દ્વારા અપાયેલ ગોલ્ફકારનું સુપ્રિટેન્ડન્ટ ડૉ.પારૂલ વડગામા. ડૉ.લક્ષ્મણ તહેલાણી, નર્સિંગ અગ્રણીની ઈકબાલ કડીવાલાના હસ્તે ત્રણ નવી ગોલ્ફકારનું લોકાર્પણ કરીને બનશે.

દર્દીઓ અને સ્ટાફગણની સુવિધા માટે આગામી દિવસોમાં ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવામાં આવશે.

આ પ્રસંગે તબીબી અધિક્ષક ડૉ.પારૂલ વડગામા, આરએમઓ ડૉ.કેતન નાયક, નર્સિંગ

## દર્દીઓ, સગાઓ અને સ્ટાફને બે બિલ્ડીંગ વચ્ચે એક કિલો મીટર લાંબુ અંતર કાપવાનું સરળ બની રહેશે

દર્દીઓની સેવામાં સમર્પિત કરવામાં આવી હતી.

આ નવી ગાડીઓમાં ૮-સીટરની બે ગોલ્ફકાર અને એક ૬-સીટર ગોલ્ફકાર દર્દીઓની સેવામાં સમર્પિત કરાઈ હતી. આ સુવિધા શરૂ થવાથી સિવિલ કેમ્પસમાં ચાલી રહેલા નવી બિલ્ડિંગના નિર્માણ કાર્યને કારણે સર્જાતી અડચણો તેમજ ટ્રાફિકની સમસ્યા મહદઅંશે દૂર થશે અને હજારો દર્દીઓની અવરજવર સરળ

એસોસિએશનના અગ્રણી ઈકબાલ કડીવાલા તેમજ મેડિકલ ઓફિસર્સ ડો. લક્ષ્મણ તહેલાણી ડો. નિશા ચંદ્રા અને ડો. ભરત ચાવડા, નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ નિરઝા પટેલ, નર્સિંગ એસો.ના નિલેશ લાઠીયા સહિતના હોદેદારો, વિવિધ વિભાગના તબીબો, એચઓડી, યુનિટ હેડ, મેડિકલ ઓફિસરો, નર્સિંગ એસોની ટીમ અને સિક્યોરિટી ઓફિસરોએ ઉપસ્થિત રહીને સેવાકાર્યને બિરદાવ્યું હતું.

ક્રાંતિ સમય





# નવી સિવિલ હોસ્પિટલના દર્દીઓની સુવિધા માટે કે.પી. ગ્રુપ દ્વારા ૩ ગોલ્ફ કાર અર્પણ

**ધબકાર પ્રતિનિધિ, સુરત, તા.૧૮**

રાજ્યના આરોગ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાની નવી સિવિલ હોસ્પિટલની આકસ્મિક મુલાકાત બાદ દર્દીઓની સુવિધામાં મોટો વધારો થયો છે. સિવિલ કેમ્પસમાં કોવિડ બિલ્ડિંગ અને કિડની બિલ્ડિંગ વચ્ચે અંદાજિત એક કિલોમીટર જેટલા લાંબા અંતરને કારણે હજારો દર્દીઓ, તેમના સગાંઓ, તબીબો અને સ્ટાફગણને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. આ સમસ્યાના કાયમી નિવારણ માટે નર્સિંગ એસોસિએશનના અગ્રણી ઈકબાલ કડીવાલાએ સુરતના ઉદ્યોગપતિ કે.પી. ગ્રુપના ફારુકભાઈ પટેલ સાથે સંકલન કરીને કે.પી. ગ્રુપ દ્વારા નવી સિવિલ હોસ્પિટલના દર્દીઓ-સ્ટાફ માટે નવી ૩ ગોલ્ફકાર અર્પણ કરીને દર્દીનારાયણની સેવામાં સમર્પિત કરવામાં આવી હતી.

આ અગાઉ કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર. પાટીલના જન્મદિવસે પણ બે ગોલ્ફ ગાડીઓ નવી સિવિલને અર્પણ કરવામાં આવી હતી, જેમાં હવે વધુ ત્રણ ગાડીઓનો ઉમેરો થયો છે. કે.પી. ગ્રુપના ફારૂકભાઈ પટેલ દ્વારા અપાયેલ ગોલ્ફકારનું ડો.પારૂલ વડગામા. ડો.લક્ષ્મણ તહેલાણી, નર્સિંગ અગ્રણીની ઈકબાલ કડીવાલાના હસ્તે ત્રણ નવી ગોલ્ફકારનું લોકાર્પણ કરીને દર્દીઓની સેવામાં સમર્પિત કરવામાં આવી હતી. આ નવી ગાડીઓમાં ૮-સીટરની બે ગોલ્ફકાર અને એક ૬-સીટર ગોલ્ફકાર દર્દીઓની સેવામાં સમર્પિત કરાઈ હતી. આ સુવિધા શરૂ થવાથી સિવિલ કેમ્પસમાં ચાલી રહેલા નવી બિલ્ડિંગના નિર્માણ કાર્યને કારણે સર્જાતી અડચણો તેમજ ટ્રાફિકની સમસ્યા મહદઅંશે દૂર થશે અને હજારો દર્દીઓની અવરજવર સરળ બનશે.

આ પ્રસંગે તબીબી અધિક્ષક ડો.પારૂલ વડગામા, આરએમઓ ડો.કેતન નાયક, નર્સિંગ એસોસિએશનના અગ્રણી ઈકબાલ કડીવાલા તેમજ મેડિકલ ઓફિસરો ડો. લક્ષ્મણ તહેલાણી ડો. નિશા ચંદ્રા અને ડો. ભરત ચાવડા, નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ નિરઝા પટેલ, નર્સિંગ એસો.ના નિલેશ લાઠીયા સહિતના હોદ્દેદારો, વિવિધ વિભાગના તબીબો, એચઓડી, યુનિટ હેડ, મેડિકલ ઓફિસરો, નર્સિંગ એસોની ટીમ અને સિક્યોરિટી ઓફિસરોએ ઉપસ્થિત રહીને સેવાકાર્યને બિરદાવ્યું હતું. દર્દીઓ અને સ્ટાફગણની સુવિધા માટે આગામી દિવસોમાં ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવામાં આવશે. સુરતનું કે.પી. ગ્રુપ નવી સિવિલ હોસ્પિટલના આવા જનહિતના સેવા કાર્યો માટે હંમેશા તત્પર રહે છે.

लोकतेज
epaper.loktej.com
19 Jul 2026 - Page 8

# केपी ग्रुप ने न्यू सिविल अस्पताल को भेंट कीं तीन गोल्फ कारें, मरीजों और स्टाफ को मिलेगी बड़ी राहत

## दो 8-सीटर और एक 6-सीटर गोल्फ कार अस्पताल परिसर में आवागमन के लिए समर्पित, स्वास्थ्य मंत्री के दौरे के बाद सुविधाओं का विस्तार



**लोकतेज संवाददाता, सूरत।** न्यू सिविल अस्पताल परिसर में मरीजों, उनके परिजनों तथा अस्पताल स्टाफ की आवाजाही को सुगम बनाने के उद्देश्य से केपी ग्रुप ने तीन नई गोल्फ कारें अस्पताल को समर्पित की हैं। इनमें दो 8-सीटर और एक 6-सीटर गोल्फ कार शामिल हैं, जिनका उपयोग मरीजों और अस्पताल कर्मचारियों की सुविधा के लिए किया जाएगा।

न्यू सिविल अस्पताल के विशाल परिसर में कोविड बिल्डिंग और किडनी बिल्डिंग के बीच लगभग एक किलोमीटर की दूरी होने के कारण मरीजों, बुजुर्गों, दिव्यांगों, परिजनों, डॉक्टरों और कर्मचारियों को लंबे समय से आवागमन में कठिनाइयों का सामना करना पड़ रहा था। हाल ही में राज्य के स्वास्थ्य मंत्री प्रफुल्लभाई पानशेरिया के अस्पताल दौरे के बाद इस समस्या के समाधान की दिशा में प्रयास तेज हुए। इसी क्रम में नर्सिंग एसोसिएशन के नेता इकबाल कड़ीवाला की पहल और केपी ग्रुप के चेयरमैन डॉ. फारूकभाई पटेल के सहयोग से तीन नई गोल्फ कारें अस्पताल को भेंट की गईं। इससे पहले केंद्रीय जल शक्ति मंत्री सी.आर. पाटिल के जन्मदिन के अवसर पर भी दो गोल्फ कारें अस्पताल को समर्पित की गई थीं। अब तीन और गोल्फ कारें जुड़ने से मरीजों की सुविधा में उल्लेखनीय वृद्धि होगी।

नई गोल्फ कारों का उद्घाटन मेडिकल सुपरिटेंडेंट डॉ. पारुल वडगामा ने किया। इस अवसर पर मेडिकल ऑफिसर डॉ. लक्ष्मण तहलानी, नर्सिंग एसोसिएशन के नेता इकबाल कड़ीवाला सहित अस्पताल के अधिकारियों और चिकित्सकों ने गोल्फ कारों को मरीजों की सेवा के लिए समर्पित किया। अस्पताल प्रशासन का कहना है कि परिसर में नई इमारतों के निर्माण कार्य के चलते आवागमन में आने वाली बाधाओं और ट्रैफिक संबंधी समस्याओं को कम करने में ये गोल्फ कारें महत्वपूर्ण भूमिका निभाएंगी। इससे प्रतिदिन आने वाले हजारों मरीजों और उनके परिजनों को राहत मिलेगी।

इस अवसर पर मेडिकल सुपरिटेंडेंट डॉ. पारुल वडगामा, आरएमओ डॉ. केतन नायक, मेडिकल ऑफिसर डॉ. निशा चंद्रा, डॉ. भरत चावड़ा, नर्सिंग सुपरिटेंडेंट नीरजा पटेल, नर्सिंग एसोसिएशन के नीलेश लाठिया, विभिन्न विभागों के विभागाध्यक्ष, चिकित्सक, नर्सिंग स्टाफ और सुरक्षा अधिकारियों सहित बड़ी संख्या में कर्मचारी उपस्थित रहे। सभी ने मरीजों की सुविधा के लिए की गई इस पहल की सराहना की। केपी ग्रुप ने भविष्य में भी न्यू सिविल अस्पताल में मरीजों और स्वास्थ्य सेवाओं को बेहतर बनाने के लिए हरसंभव सहयोग जारी रखने की प्रतिबद्धता व्यक्त की।

दैनिक भास्कर

# सिविल के मरीजों की सुविधा के लिए केपी ग्रुप ने भेंट कीं 3 गोल्फ कार



**सूरत** | सिविल अस्पताल परिसर में कोविड बिल्डिंग और किडनी बिल्डिंग के बीच करीब एक किलोमीटर की दूरी होने के कारण प्रतिदिन हजारों मरीजों, उनके परिजनों, डॉक्टरों और अस्पताल के कर्मचारियों को आने-जाने में काफी परेशानी का सामना करना पड़ता था। इस समस्या के स्थायी समाधान के लिए नर्सिंग एसोसिएशन के इकबाल कड़ीवाला ने केपी ग्रुप के फारूकभाई पटेल के साथ समन्वय स्थापित किया। इसके बाद केपी ग्रुप ने सिविल अस्पताल को तीन नई गोल्फ कार भेंट कर उन्हें मरीजों की सेवा के लिए समर्पित किया। इससे पहले केंद्रीय जल शक्ति मंत्री सी.आर. पाटिल के जन्मदिन के अवसर पर भी नई सिविल अस्पताल को दो गोल्फ कार भेंट की गई थीं। इस अवसर पर आरएमओ डॉ. केतन नायक, मेडिकल ऑफिसर डॉ. लक्ष्मण तहेलानी सहित अन्य स्वास्थ्य अधिकारी भी उपस्थित रहे।